# ઊંઝાના મક્તુપુરમાં ગાંજાના છોડ પોલીસે કબ્જે કર્યા

ઊંઝા, તા. ૬

ઊંઝા નજીકના મક્તુપુર ગામની સીમમાં આવેલ મહાદેવના મંદિરની જગ્યામાં ગાંજાનું વાવેતર સંદર્ભે ઊંઝા પોલીસે આ જગ્યાએથી ગાંજાના દસ છોડ કબજે કરી એનડીપીડી એક્ટ મુજબ મંદિરના મહંત વિરૂદ્ધ ગુનો દાખલ કરતા ભારે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે તા. ૫-૩-૧૭ના રોજ મક્તુપુર ગામના સરપંચ શંકરલાલ એન. પટેલે ગામની સીમના સ.નં. ૧૬૮વાળી રોડેશ્વર મહાદેવવાળી જગ્યામાં ગાંજાના છોડ નજરે પડેલ છે. તો આ અંગે મંદિરના વહિવટકર્તા પુજારી સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે લેખિત ફરિયાદ આપવામાં આવી હતી. જેના આધારે સ્થાનિક પોલીસે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની કાર્યવાહી કરવા સારૂ પોલીસ રોડેશ્વર મહાદેવના મંદિરે પહોંચી હતી. જ્યાં એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ક્યુકેસલેવાઈન ટેસ્ટ કરતા હકારાત્મક પરિણામ આવતા ગાંજાના કુલ દસ છોડ કબજે કરવામાં આવ્યા હતા. જેનું કુલ વજન ૨૪૮ ગ્રામ થયું હતું.

આમ મક્તુપુર રોડેશ્વર મહાદેવ મંદિરની પાછળની જગ્યામાં ગાંજાના છોડનું વાવેતર કરવા સંદર્ભે ઊંઝા પોલીસે મહંત કમલેશપુરી સામે એનડીપીએસ એક્ટની કલમ ૨૦ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન વર્ષોથી રોડેશ્વર મહાદેવ મંદિરના મહંત એવા કમલેશપુરી વિરૂદ્ધ ગંભીર પ્રકારનો ગુનો નોંધાતા ઊંઝા વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે.

દરમિયાન પ્રાચિન રોડેશ્વર મહાદેવ મંદિરની વ્યવસ્થા સંભાળતા મહંત કમલેશપુરી મહારાજે એક નિવેદનમાં જણાવ્યું છે કે છેલ્લા ઘણા વર્ષોથી મક્તુપુર હાઈવે પર આવેલ રોડેશ્વર મહાદેવની જગ્યા શ્રદ્ધાળુઓ માટે આસ્થાના કેન્દ્ર સમાન બની છે. આ આશ્રમની જગ્યામાં જૂનું શીવજીનું મંદિર, માતાજીનું મંદિર અને હનુમાનજીનું મંદિર છે. આ મંદિરના આશ્રમની વ્યવસ્થા હંમેશા સાધુ સંતો કરતા આવ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી અત્રે ગાય, કૂતરા તેમજ અન્ય મુંગા પ્રાણીઓની સેવા કરાય છે. ભૂતકાળમાં આ આશ્રમમાં જૂના મંદિર નાના હોઈ ગામના જ એક બિલ્ડર દ્વારા મંદિર અને માતાજીનું મંદિર મોટુ બનાવવાની વાત થઈ જેમાં શરત હતી કે નવું મંદિર બન્યા બાદ જૂનુ મંદિર હટાવી દેવુ. જેમાં નેશનલ હાઈવેના કામને કારણમૂડી માનવામાં આવ્યુ હતુ. મંદિરનું બાંધકામ શરૂ થયુ ત્યારે ખોટી દિશામાં મુખ બનાવેલ છે. જે મંદિરની હજી પ્રતિષ્ઠા થયેલ નથી. હાલ મંદિરની જગ્યામાં ૫૦ ગાયો છે. તેમજ અન્ય પ્રાણીઓ છે. છેલ્લા આઠ મહિનાથી ગ્રામ પંચાયત દ્વારા મંદિરનું પાણી બંધ કરાયેલ છે. વધુમાં ગાયોના ઘાસચારા માટે હોલ બનાવેલ છે. જેને તોડી નાંખવા માટે સરપંચે વારંવાર નોટીસો આપી છે. સરપંચે મારા પર ગાંજાનો જે આરોપ લગાવ્યો છે તે તદન ખોટો છે.



સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા ચોકડી પાસે નવીન રોડનું કામ ચાલુ હોવાને લઈને એક કિલોમીટર સુધી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ. વાહનોની લાંબી- લાંબી કતારો જોવા મળી હતી.

# અરવલ્લી જિલ્લામાં યોજાયેલ ત્રણ મેડીકલ કેમ્પમાં ૧૧૦૦ લાભાર્થીઓ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં ભાજપ ડોક્ટર સેલ આયોજિત મેડિકલ કેમ્પોમાં જુદા જુદા રોગ નિષ્ણાત તબીબો દ્વારા એક જ દિવસમાં ત્રણ કેમ્પોમાં ૧૧૦૦થી વધુ છાત્રોએ નિદાન અને સારવારનો લાભ લીધો હતો.

જિલ્લા ડોક્ટર સેલના કન્વીનર ડૉ. ઘનશ્યામભાઈ શાહે કરેલ આયોજન મુજબ મોડાસામાં બે અને શામળાજી નજીક કુશકીમાં એક એમ ત્રણ નિઃશુલ્ક મેડિકલ કેમ્પો યોજાયા હતા. જેનું ઉદ્‌ઘાટન જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ દીપ પ્રગટાવી કર્યું હતું.આ પ્રસંગે શહેર તાલુકાના પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લાના પદાધિકારીઓ અને સંગઠનના



કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મોડાસાની બહેરા-મુંગા શાળાના ૨૫૦ જેટલા બાળકો જ્યારે મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના ૫૨૦ બાળકો અને શામળાજી નજીક કુશકી શાળામાં ૩૫૦ જેટલા બાળકો મળી ૧૧૦૦થી વધુ છાત્રોને નિષ્ણાત તબીબો દ્વારા મોઢાનું કેન્સર, દંતચિકિત્સા અને વ્યસનમુક્તિ સારવાર આપવામાં આવી હતી. એક જ દિવસમાં યોજાયેલા આ ત્રણ કેમ્પોમાં મોડાસાના વિવિધ રોગના નિષ્ણાત તબીબોએ પોતાની માનદ સેવાઓ આપી હતી. જેમાંડૉ. ઘનશ્યામભાઈ શાહ, ડૉ. જતન કે. પટેલ, ડૉ.શિરીષભાઈ શાહ, ડૉ.ટી.બી.પટેલ, ડૉ. રાકેશ પટેલ, ડૉ. નિતેશભાઈ પ્રજાપતિ, ડૉ. હરીભાઈ પટેલ, ડૉ. વસીમ એ.સુથાર, ડૉ. પ્રશાંત પટેલ, ડૉ. વિકાસ ભોજાણી, ડૉ. સાગર સોની ડૉ. ઑવેશ મોરીવાલા અને સહયોગી સ્ટાફનો સમાવેશ થાય છે.

# મોડાસા પાસે મુન્શીવાડા ગામે ભવાઈના ખેલ દ્વારા સ્થાનિકોમાં મનોરંજન પીરસતા કલાકારો

મોડાસા તા.૬

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૫ દિવસથી મોડાસા નજીક મુન્શીવાડા ગામે ભવાઈ થકી ભજવાતા સામાજિક, ધાર્મિક અને લોક જાગૃતિના નાટકો અને નાટિકાઓ નિહાળવા આજના

## આજના ટેકનોલોજીના જમાનામાં પણ ભવાઈના અસલી ખેલ જોવા લોકો ઉમટી પડ્યા

આધુનિક જમાનામાં પણ લોકો ઉમટી પડ્યા હતા. જેમાં બાળકો ઉપરાંત યુવાનો અને વયસ્કો પણ જોવા ઉમટ્યા હતા.

એક જમાનામાં જ્યારે ટીવી કે ફિલ્મો આવી ન હતી તેવા દિવસોમાં રાતભર ગામડાઓમાં ભવાઈ થકી લોક મનોરંજન પૂરું પડાતું હતું અને લોકો ઉજાગર કરીને પણ... અરે એક ગામથી બીજે ગામ ચાલીને જઈને પણ ભવાઈના નાટકો નિહાળતા હતા. સ્થાનિક આગેવાન પંકજભાઈ પટેલે જણાવ્યું કે જગદીશ નાયક અને સાથી કલાકારો દ્વારા ભજવતા નાટકો ગામના પાદરે કે ગામ વચ્ચે નીચે ધૂળમાં બેસી જોવાનો એક જમાનો હતો અને આજે તો ઘરમાં ટીવી..અનેક ટીવી સિરિયલો, ફિલ્મો આંગળીના ઈશારે મુઠ્ઠીમાં જ છે છતાં સદીઓ જુના મનોરંજન કરાવતા નાયકોની ભવાઈના ખેલ અર્વાચીન જમાનામાં પણ લોકોને જકડી રાખે તે કંઈ નાની સુની વાત નથી.

દાયકાઓ પહેલા ગામડાઓમાં ટીવી તો ઠીક વીજળી પણ ન હતી ત્યારે પેટ્રોમેક્સના અજવાળે ભવાઈના નાટકોમાં તેના નાયક કલાકારો પૂરુષ અને સ્ત્રી પાત્ર પણ પુરુષો જ ભજવીને પાત્રોને અદભુત ન્યાય આપી લોકોમાં મનોરંજન કરાવતા હતા ત્યારે તે જમાનાની કલા અને ભવાઈ પણ જીવંત રાખીને ગામડાઓમાં આવી નાયક ભાઈઓ ગીત સંગીતના ટાચા સાધનોથી પણ લોકોને પેટ પકડી હસાવતા લોક રંજન અને લોક શિક્ષણ આપતા હતા. રંગલા-રંગલીના પાત્રો હાસ્યની સરવાણી વહાવતા જોવાનો પણ આ નાટકોમાં લ્હાવો લેવાય વડીલો પણ એમના જમાનાની યાદ તાજી કરવા ભવાઈ જોવાનું ચુક્યા ન હતા.




## મોડાસાના મહેશ્વરી સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મહેશ્વરી સમાજ (મારવાડી) ગ્રુપ દ્વારા મહેશ્વરી સમાજવાડી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના ૧૦૦થી વધુ વ્યક્તિઓ દ્વારા રક્તદાન કરી રક્તદાન જરૂરીયાતમંદ અને જાનલેવા બીમારીઓ સાથે લડતા વ્યક્તિઓને મદદરૂપ બનવાનો અથાગ પ્રયત્ન હાથ ધર્યો હતો. રક્તદાન કેમ્પમાં મહેશ્વરી સમાજના અગ્રણીઓ સાથે મોડાસા લાયન્સ ક્લબના હોદેદારો ઉપસ્થિત રહી રક્તદાન કર્યુ હતુ. મારવાડી સમાજ વેપારી સમાજ તરીકે સમગ્ર દેશમાં જાણીતો છે ત્યારે વેપાર સાથે નવયુવાન સમાજના યુવાઓએ રક્તદાન કરી સમાજસેવાની પહેલ કરી હતી.

# સલાલ ખાતે આવેલ સમાજકાર્ય મહાવિદ્યાલય દ્વારા સ્વચ્છતા શિબિર

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં સલાલ ખાતે આવેલ સમાજકાર્ય મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા, આરોગ્ય અને જનજાગૃતિ વિષેની સાત દિવસ્ય શિબીર યોજાઈ.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ સંલગ્ન ભૂમિ




રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન સંચાલિત સમાજકાર્ય મહાવિદ્યાલય શાળા દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) વિભાગ આયોજીત સ્વચ્છતા, આરોગ્ય અને જનજાગૃતિ માટે સાત દિવસની યોજવામાં આવી હતી જેમાં શિબિર દરમ્યાન સ્વચ્છતા અને વ્યસન વિશે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓ દ્વારા વ્યસનમુક્તિ માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે વ્યસનથી થતું નુકશાન અને આડ અસરની માહિતી પુરી પાડી હતી. જયારે વિવિધ વ્યસનનો એક કરી સ્મશાન યાત્રા કાઢવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પો. ડૉ. જીતેન્દ્રસિંહ ચુડાસમાં પ્રો. હર્ષદભાઈ પટેલ, ગુંજનભાઈ તથા મૌલિકાબેન નાયક દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# ઈડર શેઠ સી. કે. સરસ્વતી મંદિરમાં સન્માન સમારોહ યોજાયો

શ્રી ઈડર પ્રજાકિય વિદ્યોત્તેજક સમિતી સંચાલિત શેઠ સી.કે.સરસ્વતી મંદીરમાં સન્માન સમારોહ યોજાયો હતો.ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ, ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પૃથ્વીસિંહ ઝાલા, મહેન્દ્રસિંહ ચૌહાણ, રાજુભાઈ જોષી, અશોકભાઈ નાયક, ડી.કે.પટેલ, જાવેદભાઈ જાયલાવાળા, પીનેશભાઈ



દોષી, કનુભાઈ ચૌહાણ, મુકેશભાઈ સોલંકી, દિલીપભાઈ ભરવાડ, કાંતાબેન પંડ્યા ઉપસ્થિત રહી દાન, આશીર્વચન પાઠવ્યા હતા. શ્રી ઈડર પ્રજાકિય વિદ્યોત્તેજક સમિતી પ્રમુખ ડૉ.જે.સી.શાહ, મંત્રી જે.ટી.ચૌહાણે કાર્યક્રમને દીપાવ્યો હતો. શેઠ સી.કે.સરસ્વતી મંદીર આચાર્ય ડૉ. જે. એસ. કુંપાવતે મહેમાનોને આવકાર્યા હતા. સુપરવાઈઝર પી.જી. પાઠકએ વર્ષ દરમ્યાન શાળામાં થતી વિવિધ પ્રવૃતિઓનો અહેવાલ રજુ કરી તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતા. આભાર વિધિ વી.આર. હાડાએ કરી હતી. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન યોજાયું હતું.

# ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં શુભેચ્છા સમારોહ યોજાયો

ભિલોડા,તા.૬

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ધોરણ.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આર.જી.બારોટ બી.એડ્. કોલેજના આચાર્ય ડી. ડી. વણકર, અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી માધ્યમ આચાર્ય ટી. કે. પરમાર, સ્ટાફ પરીવારએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પરીક્ષા સબંધી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને ગોળ-ધાણા ખવડાવી મોં મીઠું કરાવી બોલ-પેન ભેટ સ્વરૂપે આપી હતી. પરીક્ષામાં સારા માર્કસ સાથે પાસ થઈ માતા-પિતા, શિક્ષકો, સ્કુલનું નામ રોશન કરો તેવા આશીર્વચન પાઠવ્યા હતા.

# ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિજ્ઞાન દિવસ ઉજવાયો

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓ ધ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી યોજાઈ હતી. આચાર્ય ટી.કે. પરમારએ ઉપસ્થિત રહી બાળકોની આગવી સુઝને બિરદાવી હતી. વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિકોના જીવન પરીચય આપ્યો હતો.

# લાંબડીયા તાલુકા પોશીના ખાતે યોજાયેલ પરીક્ષા માર્ગદર્શન શિબિર

પોશીના, તા. ૬

પોશીના તાલુકાના લાંબડિયા ખાતે કાર્યરત પારસ વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ૧૨નું પરીક્ષા કેન્દ્ર ચાલતુ હતુ. પરંતુ ગત વર્ષે માર્ચ ૨૦૧૬માં લેવાયેલ પરીક્ષા કેન્દ્ર ઉપરની કોઈ અનિયમિતતાના કારણે પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવેલ. આ પરીક્ષા કેન્દ્ર રદ થવાના કારણે અંદાજે ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓને અન્ય કેન્દ્ર ઉપર પરીક્ષા આપવા જવાની નોબત આવી. આ વિદ્યાર્થીઓને સૌથી નજીક પરીક્ષા કેન્દ્ર ખેડબ્રહ્મા હોઈ પરીક્ષા આપવા માટે રોજ અંદાજે ૪૫ થી ૫૦ કિલોમીટર જવુ પડે તેમ હતુ. આ વિસ્તારમાં બસ સુવિધા કે વાહનવ્યવહારની સુવિધા અપુરતી છે ત્યારે તમામ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં સદર બાબતે રજુઆત કરેલ. આ રજૂઆતને જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈ પરીક્ષા કેન્દ્ર ચાલુ રાખવા માટે જરૂરી સહયોગ આપેલ. જેની ફળશ્રુતિ રૂપે માર્ચ ૨૦૧૭ માટે રદ થયેલ કેન્દ્ર શરૂ કરાયું હતું.



આ પરીક્ષા કેન્દ્ર પર કોઈપણ પ્રકારની ભુલનુ પુનરાવર્તન ન થવા પામે તે માટે જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આજે રોજ પારસ વિદ્યાલય લાંબડીયા ખાતે વાલી-વિદ્યાર્થી અને શિક્ષકો સાથે માર્ગદર્શન બેઠકનું આયોજન કરેલ. આ બેઠકમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થી-વાલી અને શિક્ષકો ઉપસ્થિત રહેલ. આ બેઠકમાં ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી, આચાર્ય સંઘના પ્રમુખ, હોદ્દેદારો પણ જોડાયેલ. પરીક્ષા કેન્દ્ર ઉપર ફરજ બજાવનાર કર્મચારીઓ અને અન્ય વહીવટી સ્ટાફની અલગ બેઠક રાખવામાં આવેલ. સદર પરીક્ષા કેન્દ્રના સ્ટાફમાં પણ મહત્તમ ફેરફાર કરવામાં આવેલ. પારસ વિદ્યાલયના સંચાલક અને ભૂતપૂર્વ આચાર્ય સુમતિભાઈ સુથારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સારો સહયોગ આપ્યો હતો.

## આંજણા ચૌધરી પટેલ સમાજનું ગૌરવ

મોડાસા સર પી.ટી.સાયન્સ કોલેજમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહમાં ગત વર્ષ -૨૦૧૬માં એમ.એસ.સી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વૈશાલીબેન અરવિંદભાઈ પટેલ પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ મેળવતાં સર પી.ટી.સાયન્સ કોલેજ,સમસ્ત આંજણા ચૌધરી પટેલ સમાજ,હિંમતનગર તાલુકાના



રાયગઢ ગામનું ગૌરવ વધારાતાં આનંદની લાગણી પ્રસરી છે.વૈશાલીબેન અરવિંદભાઈ પટેલ વિદ્યાર્થીનીને આંજણા ચૌધરી પટેલ સમાજના અગ્રણીઓએ બિરદાવી હતી.

# પાલનપુરમાં રીક્ષાઓના પૈડા થંભી જતા મુસાફરો અને દર્દીઓ મુશ્કેલીમાં

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા રીક્ષા ચાલક સંઘર્ષ સમિતિના નેજા હેઠળ છેલ્લા પાંચ દિવસથી રાજ્ય સરકારે લાદેલા રીક્ષાચાલકો પર અસાધારણ દંડના વિરોધમાં આંદોલન ચલાવી રહ્યા છે. જે અંતર્ગત આજરોજ સવારથી જ શહેરમાં રીક્ષાઓના પૈડા થંભી જતા લોકોએ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. રીક્ષાચાલકોની હડતાળના પગલે બહાર ગામથી બસ અને ટ્રેનોમાં આવતા જતા મુસાફરોનો સામાન સાથે ચાલતા જવાનો વારો આવતા પારાવાર મુશ્કેલી વેઠવી પડી હતી. જ્યારે બીમાર દર્દીઓને દવાખાને લાવવા લઈ જવા પર દર્દીઓએ રીક્ષા વગર તકલીફો વેઠવી પડી હતી.

દરમિયાન રીક્ષા સંઘર્ષ સમિતિના પ્રમુખ સાજીદ મકરાણીએ જણાવેલ કે સરકાર તેમને ન્યાય નહી આપે તો જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.




## જાયન્ટ્સ ગ્રુપ ઓફ માલપુર દ્વારા મફત નેત્ર નિદાન-સારવાર તથા ઓપરેશન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને આરોગ્યલક્ષી સેવાઓમાં હંમેશા અગ્રેસર રહેતી માલપુર જાયન્ટસ ગ્રુપ અને સદવિચાર પરિવાર મોડાસા અને મેઘરજ જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પિટલ મેઘરજના સહયોગથી માલપુર ગ્રામ પંચાયત કચેરી ખાતે મફત નેત્ર નિદાન સારવાર તથા ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં માલપુર તાલુકામાંથી મોટી સંખ્યામાં આંખના દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો. જાયન્ટસ ગ્રુપ ફેડરેશન શ્રી સીના ડાયરેક્ટર ચકાચક બાપુ, પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ, રમેશ સોની તેમજ જાયન્ટસ ગ્રુપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.